**ગુજરાત ગોપાલક વિકાસ વિકાસ નિગમને**
**વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.**
**<u>વર્ષ ૨૦૨૨-૨૩</u>**

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૦૫/૧૦૨૫/અ.૧(પા.ફા)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૨/૦૮/૨૦૨૨

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: SJED/CNI/e-file/17/2021/0001/B
(૨) આ વિભાગના તા.૦૭/૦૬/૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૦૫/૧૦૨૫/અ.૧(પા.ફા)
(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૭/૦૪/૨૦૨૨નો ક્રમાંકઃવિજાક/બો.નિ./૨૨-૨૩/૫૩૪-૩૫

<u>આમુખઃ-</u>

**ગુજરાત ગોપાલક વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૧૨૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.** જેને આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧)પરના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત ગોપાલક વિકાસ નિગમની વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૧૨૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી પ્રથમ હપ્તા પેટે ૨૫% મુજબની રૂ.૩૧.૨૫ લાખની વહીવટી મંજુરી વંચાણે લીધા ક્રમાંક (૨)પરના ઠરાવથી આપવામાં આવેલ છે. અને નિગમની બીજા હપ્તાની માંગણી રૂ.૩૧.૨૫ લાખ માંથી રૂ.૧૦.૬૨ લાખની બચત રહેલ ધ્યાને લઇ નિગમને બીજા હપ્તા પેટે રૂ.૨૦.૫૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મુકવા વંચાણે લીધા ક્રમાંક (૩)પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત ગોપાલક વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૧૨૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ માંથી બીજા હપ્તા પેટે રૂ.૨૦.૫૦ લાખની વહીવટી ગ્રાન્ટ **ગુજરાત ગોપાલક વિકાસ નિગમ**ના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતોઃ-</u>

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક **ગુજરાત ગોપાલક વિકાસ નિગમને** હવાલે મૂકવાની રહેશે.
(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
(૩) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૫) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદરઃ ૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૧૯૦ જાહેર ક્ષેત્રની સહાયક અને અન્ય નીચે મુજબ, પેટા સદરઃ **ઓબીસી-૧૧ ગુજરાત ગોપાલક વિકાસ નિગમ** હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કરવામાં આવેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૦૧/૦૮/૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(કે.એ. ચૌહાણ)**
**સેકશન અધિકારી**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, સચિવાલય, ગાંધીનગર

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૭) સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા/કોમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) સિલેકટ ફાઇલ